જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૮/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૪૭૩/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૩/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૬	૧	૧૧૬૩૭	૧૭૭૪૭	૧	૧૭૭૪૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૮	૦	૬૨૬૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૭	૦	૧૦૭	૩૭૪	૦	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૭૮૪૩	૭૮	૬૭૯૨૧	૬૮૬૪૧	૮૮	૬૮૭૨૯
કુલ		૮૪૩૧૮	૭૯	૮૪૩૯૭	૯૩૦૩૦	૮૯	૯૩૧૧૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૯	૩,૩૭,૧૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૯૯	૯,૯૯,૦૦૦/-

અપહરણના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

એક ઈસમનુ અમદાવાદ નારોલ વિસ્તારમાંથી અપહરણ કરી ખેડા લઈ જનાર ચાર આરોપીઓને ગણતરીના કલાકોમાં પકડી પાડી ઈસમનો કબ્જો મેળવી અપહરણના આરોપીઓને પકડી પાડતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડિવીઝન સાહેબ નાઓએ નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલ અપહરણના બનાવ સબંધે નાકાબંધી પોઈન્ટો ગોઠવી અલગ અલગ ટીમો બનાવી આરોપીઓ પકડી પાડવા સુચના આપેલ હોય જે આધારે પોલીસ ઈન્સપેકટરશ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાકાબંધી ગોઠવી અલગ અલગ ટીમો બનાવી હોક બાઈકના માણસોને સઘન પેટ્રોલિંગ કરવા જણાવેલ હોય જે આધારે લાંભા ટી નાકાબંધી પોઈન્ટ ઉપર સર્વેલન્સ સ્કોર્ડના માણસો પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા અ.હે.કો.સફીઉલ્લાખાન મહેબુબખાન બ.નં.૮૭૩૪ તથા અ.પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા અ.પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ તથા અ.પો.કો.રવિરાજસિંહ મહિપતસિંહ બ.નં.૫૦૯૭ તથા અ.પો.કો.કાનાભાઈ સુરાભાઈ બ.નં.૧૦૦૮૭ તથા બીજા સ્ટાફના માણસો સાથે વાહન ચેકીંગની કામગીરી ચાલુ કરેલ તે દરમ્યાન અ.પો.કો.રવિરાજસિંહ મહિપતસિંહ તથા અ.પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ નાઓને સંયુકત બાતમી હકિકત મળેલ કે, “નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૧૪૨૮/૨૦૨૧ ધી ઈ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૪(ક), ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪ મુજબના ગુનાના આરોપીઓ એક ફોરવ્હિલ ગાડી નં GJ-07-DC-6550 ની લઈ બારેજા તરફથી આવી અત્રે થઈ નારોલ સર્કલ તરફ જવાના છે.” જે બાતમી હકીકત આધારે પંચો રૂબરૂ વોચમાં રહેતાં બાતમી હકિકતમાં જણાવેલ નંબરવાળી ફોરવ્હિલ ગાડી દુરથી આવતી જણાતા સાથેના માણસોએ નજીક આવવા દઈ એકદમ કોર્ડન કરી રોકી લઈ સાઈડમાં કરાવી જોતા ડ્રાઈવર સાથે બીજા ત્રણ ઈસમો બેસેલ હોય જેઓને નીચે ઉતારી વારાફરતી નામઠામ પુછતાં (૧) વિશાલભાઈ ઝાલાભાઈ જાતે સકાણી(ભરવાડ) ઉ.વ.૨૧ ધંધો-અભ્યાસ રહે- ગામ રઢુ બેલદાર ફળીયુ વારસંગ રોડ તા&જી ખેડા તથા (૨) દિલીપભાઈ ભવાનભાઈ જાતે સકાણી(ભરવાડ) ઉ.વ.૩૦ ધંધો-ખેતીકામ રહે- ગામ રઢુ બેલદાર ફળીયુ વારસંગ રોડ તા&જી ખેડા (૩)દોલુભાઈ ભવાનભાઈ જાતે ભરવાડ ઉ.વ.૩૩ ધંધો-નોકરી રહે-ગામ રઢુ બેલદાર ફળીયુ વારસંગ રોડ તા&જી ખેડા(૪) હરેશભાઈ કરશનભાઈ જાતે ભરવાડ ઉ.વ.૩૧ ધંધો-પશુપાલન રહે-ગામ રઢુ ઈન્દિરા નગર વિભાગ-૦૧ તા&જી ખેડાના હોવાનુ જણાવેલ જેઓની

અંગઝડતી તપાસ કરતા મોબાઈલફોન નંગ ૦૫ કિ.રૂ.૧૮૫૦૦/-તથા ફોરવ્હિલ ગાડીની કિ.રૂ.૬,૦૦,૦૦૦/-મળી કુલ્લે કિ.રૂ.૬,૧૮૫૦૦/-ની મત્તાનો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરી નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૧૪૨૮/૨૦૨૧ ધી ઈ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૪(ક), ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪ મુજબનો દાખલ થયેલ અપહરણનો ગણતરીની કલાકોમાં શોધી કાઢી ચાર આરોપીઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી નારોલ પોલીસ સ્ટેશન અપહરણનો ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે તા.૧૩/૦૮/૨૦૨૧



વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

વાહનચોરીના એક આરોપીને મુદ્દામાલ સાથે પકડી વાહન ચોરીનો અનડીટેકટ ગુનો શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડિવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ શોધવા તેમજ અટકાવવા સારૂ અવારનવાર સુચના આપેલ હોય જે આધારે આજરોજ સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા મ.સ.ઈ.અમૃતજી અળખાજી તથા હે.કો.સરફરાજનવાજ ઈબ્રાહિમમીયાં બ.નં.૪૦૦૫ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ મહેબતસિંહ બ.નં.૬૩૯૮ તથા પો.કો.નટવરસિંહ જોરાવરસિંહ બ.નં.૧૦૦૧૮ તથા પો.કો.વિષ્ણુભાઈ પુંજાભાઈ બ.નં.૧૦૦૩૦ તથા પો.કો.મહેશકુમાર બાબુલાલ બ.નં.૧૩૦૬૪ તથા બીજા સ્ટાફના માણસો સાથે નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના હે.કો.સરફરાજનવાજ ઈબ્રાહિમમીયાં તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ મહેબતસિંહ નાઓને સંયુકત બાતમી હકીકત મળેલ કે " નારોલ પો.સ્ટે.પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૧૪૨૨/૨૦૨૧ ધી ઈપીકો કલમ ૩૭૯ મુજબના ગુનામાં ચોરીએ ગયેલ મો.સા.નં.જીજે.૦૧.એમડી.૨૧૩૩ નુ ચલાવી લઈ એક ઈસમ અસલાલી સર્કલ તરફથી આવી અત્રે થઈ નારોલ સર્કલ તરફ જવાનો છે. જેણે શરીરે આસમાની કલરની ટી શર્ટ તથા સિલેટીયા કલરનુ પેન્ટ પહેરેલ છે. " જે બાતમી હકીકત આધારે પંચો સાથે વોચમાં રહેતાં બાતમી હકિકતમાં જણાવેલ વર્ણનવાળો એક ઈસમ મો.સા.ચલાવી આવતો જણાતાં તેને રોકી પુછપરછ કરતાં તેણે પોતાનુ નામ રાજાઆલમ મૈનુલ જાતે મન્સુરી ઉ.વ.૨૬ ધંધો.મજુરીકામ રહે.મ.નં.૧૩ એવનની ચાલી, કોઝી હોટલની પાછળ બેરલ માર્કેટની અંદર દાણીલીમડા અમદાવાદ શહેરનો હોવાનુ જણાવેલ જે ચલાવી લાવેલ મો.સા.જોતાં હિરો હોન્ડા કંપનીની પેશન પ્રો. મો.સા. નં.જીજે.૦૧.એમડી.૨૧૩૩ જેનો એ.નં.૦૪૯૭૦ તથા ચે.નં.૦૬૨૪૪ નુ આશરે કિ.રૂ.૧૦,૦૦૦/- મતાનુ હોય મો.સા.ની માલિકી બાબતે તપાસ કરતાં નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૧૪૨૨/૨૦૨૧ ધી ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી સદરી આરોપીને ઉપરોકત ગુનામાં આજરોજ તા.૧૩/૦૮/૨૦૨૧ ના કલાક ૧૬/૦૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી નારોલ પોલીસ સ્ટેશન વાહન ચોરીનો અનડીટેકટ ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે તા.૧૩/૦૮/૨૦૨૧



માદક પદાર્થના વેચાણના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન

ગેરકાયદેસર માદક પદાર્થનુ વેચાણ કરતા ઇસમોને જથ્થા સાથે પકડી પાડતી ગાયકવાડ હવેલી પોલીસ

મે.પોલીસ કમિ.સા.શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિ.સા.શ્રી સેક્ટર-૦૧ તથા નાયબ પોલીસ કમિ.સા.શ્રી ઝોન-૩ તથા મદદનીશ પો.કમિ.સા.શ્રી "ઇ" ડીવીજન નાઓ તરફથી નાઓ તરફથી ગેરકાયદેસર માદક પદાર્થનુ વેચાણ કરતા ઇસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપેલ હોય જેના આધારે પોલીસ ઇન્સ્પેકટર એસ.જે.બલોચ સા.શ્રી ના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ વી.એન.શીંગરખીયા તથા સ્ટાફના માણસોએ ટીમવર્ક કરી ગેરકાયદેસર માદક પદાર્થનુ વેચાણ કરતા ઇસમોની ખાનગી રાહે તપાસ કરી કરાવી ખાનગી રાહે હકિકત જણાઇ આવતા પોલીસ ઇન્સ્પેકટર એસ.જે.બલોચ સા.શ્રી નાઓને હકિકતથી વાકેફ કરતા બે સરકારી પંચો બોલાવી પંચો તથા સ્ટાફના માણસો સાથે હકિકતવાળી જગ્યા જમાલપુર હેબતખાનની મસ્જીદ પાસેના કાચા છાપરામાં રેઇડ કરી ઇસ્માઇલખાન ઉર્ફે ઇમુ સન/ઓ સૈફુલ્લાખાન પઠાણ ઉં.વ.૩૫ ધંધો નોકરી રહેવાસી હેબતખાનની મસ્જિદ પાછળ છાપરામાં જમાલપુર અમદાવાદ શહેર તથા જાવીદ ઉમર શેખ ઉં.વ.૩૬ રહેવાસી મ.નં.૨૪ અજીમપાર્ક આયશા મસ્જિદ પાસે જુહાપુરા અમદાવાદ શહેર નાઓના કબ્જામાથી Chlorpheniramine Maleate & Codeine Phosphate Syrup તથા Cofex cough syrup 100 ML બોટલો કુલ્લે નંગ-૫૬ કિં.રૂ.૬૭૨૦/- ના મત્તાનો જથ્થો પાસ-પરમીટ વગરનો ગેર કાયદેસર રીતે પોતાના અંગત આર્થિક ફાયદા સારૂ પોતાના કબજામાં વેચાણ કરવા સારૂ રાખી તથા મોબાઇલ નંગ-૦૨ કિં.રૂ.૫૫૦૦/- નો મળી કુલ્લે કિં.રૂ.૧૨,૨૨૦/- ના મુદામાલ સાથે મળી આવતા સદરી બન્ને ઇસમ વિરૂધ્ધ અત્રેના પો.સ્ટે ગુ.ર.નં-૧૧૧૯૧૦૨૧૨૧૧૪૭૩/૨૦૨૧ ધી એન.ડી.પી.એસ. એક્ટ કલમ- ૮(સી), ૨૧(સી), ૨૯ મુજબ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.



જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન

જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી અવાર-નવાર પ્રોહી-જુગારની ગેરકાયદેસર પ્રવુત્તી નેસ્ત નાબુદ કરવા માટેની સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમા તા ૧૨/૦૮/૨૦૨૧ ના રોજ સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા સાહેબ નાઓની સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ સાહેબ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા પેટ્રોલીંગ ફરતા ફરતા ચંડોળા પાળ બંગાળીવાસના નાકે આવતા સાથેના અ.હે.કો કિશનભાઇ ભીખાભાઇ તથા અ.પો.કો દશરથભાઇ પરસોત્તમભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમી હકિકત આધારે ચંડોળા પાળ દશામાના મંદિર પાસે જાહેરમા ગંજીપાનાથી પૈસાનો હારજીતનો તીનપત્તીનો જુગાર રમી રમાડતા છ આરોપીઓને કુલ રૂપિયા ૨૪,૫૨૦/- તથા ગંજીપાના નંગ-૫૨ ના મુદ્દામાલ સાથે તા ૧૨/૦૮/૨૦૨૧ ના કલાક ૧૮/૪૫ વાગે પકડી પાડી ઇસનપુર પો.સ્ટેશન ગુના નં પાર્ટ-B-૧૧૧૯૧૦૨૨૧૩૦૧૪/૨૦૨૧ જુગારધારા કલમ ૧૨ મુજબનો ગુનો દાખલ કરી કાર્યવાહી કરવામા આવેલ છે તા.૧૪/૦૮/૨૦૨૧

પકડાયેલ આરોપીઓ

(૧) વિજય ઉર્ફે સલીમ ઉર્ફે ઢુબો બીપીનભાઇ લોધા ઉ.વ ૪૧ રહે,મ.નં એ/૪૭ ગણેશનગર ચંડોળા પાળ પાસે ઇસનપુર અમદાવાદ શહેર

(૨) વિજય મફાભાઇ દેવીપુજક ઉ.વ ૨૦ નીલગીરીના છાપરા દશામાના મંદિર પાસે ચંડોળા ઇસનપુર અમદાવાદ શહેર

(૩) ઇલીયાસ ઉર્ફે રઇશ શુબરાતી મન્સુરી ઉ.વ ૩૩ રહે,મ.નં ૨૦૪ ચિરાગપાર્ક ફ્લેટ બોમ્બે હોટ પાસે દાણીલીમડા અમદાવાદ શહેર

(૪) અબ્દુલસત્તાર ઉસ્માનભાઇ શેખ ઉ.વ ૨૫ રહે,ગલી નં એસ/૭ આઝાદનગર ખજુરીના ઝાડ પાસે બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેર

(૫) ઇમરાન નશીમભાઇ રંગરેજ ઉ.વ ૩૨ હાલ રહે,સુલતાન હોટલની બાજુમા બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેર

(૬) સુરેશભાઇ ઉત્તમભાઇ ઓડ ઉ.વ ૩૪ રહે,ચંડોળા પાળ દશામાના મંદિર પાસે નીલગીરીના છાપરા ઇસનપુર અમદાવાદ શહેર

કબ્જે કરેલ મુદ્દામાલ

(૧) રોકડા નાંણા રૂપિયા ૨૪,૫૨૦/-(૨) ગંજીપાના નંગ-૫૨ કિંમત રૂપિયા ૦૦/૦૦ નો મુદ્દામાલ

પાસા અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ નં.(૧)કણભા પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૨૦૩૦૨૧૦૧૧૩/૨૦૨૧ પ્રોહી કલમ ૬૫(ઇ),૮૧,૯૮(૨) મુજબ તથા નં.(૨)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧૧૦૩૩/૨૦૨૧ પ્રોહી કલમ ૬૬(૧)(બી),૬૫(એ)(ઇ),૮૧,૯૮(૨) મુજબના પ્રોહીબીશન સબંધેના ગુનો દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃ PCB/DTN/PASA/૪૭૨/૨૦૨૧ તા.૧૩/૦૮/૨૦૨૧ ના હુકમ આધારે તા.૧૩/૦૮/૨૦૨૧ ના કલાકઃ૨૨/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૧૩/૦૮/૨૦૨૧

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ તથા એએસઆઇ શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩

આરોપીનું નામ :-

દીપેશ વાલજીભાઇ જાતે રાઠોડ ઉ.વ.૨૦ ધંધોઃ-છુટક મજુરી રહે.વસંતનગરના છાપરા વિભાગ-૨ ઠકકરનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ બાવરી તા.ધ્રાંગધ્રા જી.સુરેન્દ્રનગર



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૪૭૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૧૩૩ લીટર દેશી દારૂ, ૪૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧૦ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૩૬,૫૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૪૭૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૪૭૬/૨૦૨૧**

નારણપુરાઃ ચેતનભાઇ અરવિંદભાઇ પટેલ (ઉ.વ.૪૫) (રહે. હાર્મોની હોમ્સ બગ્લોઝ વિભાગ-૩ ગોકુલ હોટલ પાછળ ગોતા) એ તા.૧૩/૦૮/૨૦૨૧ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૬/૨૦૨૧ થી તા.૧૮/૬/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન નારણપુરા ગોલ્ડન ટ્રાય એન્ગલ ખાતે આવેલ સર્વીસ બ્રાંચ ખાતેથી આરોપી (૧) એમ.ડી.જાવેદ અખ્તર નામનો વ્યક્તિ મહારાષ્ટ્ર ગોખલે પાર્ક ચીંચવાડ પુણે ખાતેની ઇન્ડિયન ઓર્વર્સીસ બેંકના એકાઉન્ટ નંબર-૧૪૩૬૦૧૦૦૦૧૫૦૭૭ ખાતા ધારક તથા મહારાષ્ટ્ર ક્રિર્કી બ્રાંચ પુણે પીન કોડ નં.૪૧૧૦૨૦ ખાતેની એક્સીસ બેંકના એકાઉન્ટ નંબર-૯૨૧૦૧૦૦૧૭૪૬૧૦૪૪ ના ખાતા ધારક તથા (૨) રાજુખાન નામનો વ્યક્તિ મહારાષ્ટ્ર પીમ્પરી ચીંચવાડા ખાતેની બંધન બેંકના એકાઉન્ટ નંબર-૫૦૧૮૦૦૩૨૯૦૪૧૪૧ ના ખાતા ધારક તેમજ (૩) બી.એમ.ગ્રૂપ નામના મહારાષ્ટ્ર પીમ્પલે સોદાગર પીન નં.૪૧૧૦૧૭ ખાતેની પંજાબ નેશનલ બેંકના એકાઉન્ટ નંબર-૫૮૯૪૦૦૨૧૦૦૦૦૨૨૭૦ ના ખાતા ધારક ચેતંભાઈની કંપનીની બોડકદેવ સીંધુભવન રોડ ઉપર આવેલ મોન્ટે કાર્લો હાઉસમા આવેલ મોન્ટે કાર્લો લિમીટેડ નામની કન્સ્ટ્રકશનની કંપનીની સી.એફ.એસ.બ્રાંચ બેંક ઓફ બરોડા બેંકમાથી ઇસ્યુ થયેલ ચેકબુકની ડુપ્લીકેટ ચેક્બુક બનાવી જેમાં ચેતનભાઈની કંપનીના ઓથોરાઇઝ પર્સનોની મળતી ભળતી ખોટી સહીઓ કરી જુદા-જુદા નંબરના કુલ-૯ ચેક જુદી-જુદી બેંકોના ખાતામાં ભરી કુલ રૂપિયા ૧૭,૫૮,૩૦૦/- ટ્રાન્સફર કરાવી ઉપાડી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જી.જાદવ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૪૭૭/૨૦૨૧**

નરોડાઃ રામબાબુ મુસાફીર પટેલ (રહે. ઘશ્યામનગર ખોડીયાર માતાના મંદીરની બાજુમાં નાના ચીલોડા નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે. તા.૧૨/૦૮/૨૦૨૧ રાતના ૧૦/૦૦ થી તા.૧૩/૦૮/૨૦૨૧ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન નરોડા જી.આઇ.ડી.સી. ફેજ-૩ જય ઇન્ડસ્ટ્રીઝના કમ્પાઉન્ડમાંથી કંપનીનો સર-સામાન કિમત રૂપિયા ૨,૬૯,૨૫૦/- ભરેલ છોટા હાથી ગાડી નંબર જીજે ૧૮ એટી ૦૮૪૧ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

સોનાનો દોરો ઝુટવી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૧૪૭૮/૨૦૨૧**

નવરંગપુરાઃ સ્નેહલ પ્રવિણભાઈ સંઘવી (ઉ.વ.૪૩) (રહે. અનમોલ બંગ્લો, મહારાષ્ટ્ર સોસાયટી, મીઠાખળી, નવરંગપુરા) તા.૧૨/૦૮/૨૦૨૧ કલાક ૭/૪૫ વાગ્યાના સુમારે નવરંગપુરા એન.સી.સી.સર્કલથી નળવાળા સર્કલ તરફ પસાર થઈ રહ્યા હતા ત્યારે એક્ટીવા ઉપર આવેલ એક પુરૂષ સ્નેહલ સંઘવીના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ સ્નેહલ સંઘવીએ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એચ.મિસ્ત્રી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૪૭૯/૨૦૨૧**

ચાંદખેડાઃ (૧) અતુલકુમાર નારણભાઇ મકવાણા (ઉ.વ.૩૮) (રહે. કુમકુમ રેસીડેન્સી ગાંઠીયારથ પાસે ચાંદખેડા) એ પત્ની રિસામણે હોઈ મનમાં લાગી આવતા તા.૧૨/૦૮/૨૦૨૧ રાતના ૯/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ જયંતીભાઇ ચલાવે છે.

ચાંદખેડાઃ (૨) મંજુ વા/ઓ વિમલ શર્મા (ઉ.વ.૨૧) (રહે. રબારીવાસ જનતાનગર ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૮/૨૦૨૧ કલાક ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી "એલ" ડિવીઝન ચલાવે છે.

ચાંદખેડાઃ (૩) પ્રદિપ લાખન વર્મા (ઉ.વ.૨૬) (રહે. જોગમાયા રબારીવાસ શ્રેષ્ઠ બંગલોઝ પાસે જનતાનગર પાછળ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૮/૨૦૨૧ બપોરના ૪/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં ચાદર બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્ર ભગવાનરાવ ચલાવે છે.

આનંદનગરઃ વિશાલ ભરતભાઈ લક્ષ્મણભાઈ લીંબોડા (ઉ.વ.૨૧) (રહે.રાજન રો- હાઉસ લોર્ડ શીવા સ્કુલની બાજુમાં વસ્ત્રાપુર ક્રોસિંગ પાસે વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૮/૨૦૨૧ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાતા સારવાર માટે તેમને પારેખ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન ૫/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી